# નવી શિક્ષણ નીતિમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ

**મેહુલકુમાર સુરેશભાઈ પટેલ,**
25 /રાજરત્ન સોસાયટી, છબીલા હનુમાન મંદિર પાસે, પાટણ–384265
મો :9978420305, E-Mail. mehulkumar97@yahoo.com

આપણામાંથી ઘણાને થતુ હશે કે હશે કે બાળપણ તો રમવા માટે હોય એમાં વળી આ અભ્યાસક્રમની બબાલ શા માટે? તો આ પ્રશ્નનું યથાયોગ્ય જવાબ આપણી પાસેથી જ મળશે. ઘણા વડીલોને કહેતા સાંભળીએ છીએ કે મને આ સ્માર્ટફોન મોબાઈલમાં ખબર નથી પડતી અને આ ટેણીયો એના ઘણા બધા ફંકશન ઓપરેટ કરે છે આ આગળના પ્રશ્નનો જવાબ છે. બાળકોની શારીરિક વય નાની હોય પણ 'જમાના પ્રમાણે' તેમની માનસિક વય વધુ માલુમ પડતી જણાય છે. આ બાબતને નવી શિક્ષણ નીતિમાં ખૂબ કાળજીપૂર્વક આ માટે જ સમાવેશ કર્યો છે.

પ્રાઈવેટ ખાનગી શાળાઓ અને ખાસ કરીને ઇંગ્લીશ મીડીયમ શાળાઓમાં આ બાબતનો– અભ્યાસક્રમના ચોક્કસ માળખાનો અભાવ જોવા મળે છે જ્યારે એની સરખામણીમાં મને સરકારી આંગણવાડી બાલમંદિરમાં એના દર્શન થયા, તે આનંદની વાત છે. પ્રાઈવેટ ખાનગી શાળાઓમાં નર્સરી, જુનિયર કે.જી, સિનિયર કે.જી ચલાવાય છે; પણ જ્યારે અભ્યાસક્રમ વિશે પૂછાય તો ? ખાનગી પ્રકાશનો હાથમાં આવે છે! સરકારી બાલમંદિરોમાં ગુજરાતમાં અભ્યાસક્રમ જોવા મળ્યો.

શું ધોરણ 1 થી 12 માં આખા દેશમાં એન.સી.ઇ.આર.ટી નો એક સમાન અભ્યાસક્રમ હોય તો નાના ભુલકાઓ એના લાભ થી વંચિત શા માટે? ચોક્કસથી એમને પુસ્તકોની નીચે દબાવવાની વાત નથી, પણ તેમને રમવાની, જમવાની અને આનંદની વાતોનો અભ્યાસક્રમ હોવો જોઈએ. એવું નવી શિક્ષણ નીતિ 2019 માં ઉલ્લેખ છે.

નવી શિક્ષણ નીતિ ના **પ્રથમ અધ્યાય 'શાળાકીય શિક્ષણ'** માં **પ્રથમ પ્રકરણ છે – નાના બાળકોની સંભાળ અને શિક્ષણ: શીખવાનો એક પાયો :** પ્રકરણથી શરૂઆત થાય છે, એવું તારણ છે કે – બાળકના 85% મગજનો વિકાસ છ વર્ષની વય પહેલા થઈ જાય છે. કેમ કે શીખવાની શરૂઆત તો બાળક જન્મથી જ કરે છે. અને અભિમન્યુ તો માતાના ગર્ભ્ માં પણ બાળક શીખે છે એનુ ઉદાહરણ છે, એ બતાવે છે કે આ સમયમાં ભરપૂર કાળજી, પૂરતું પોષણ, શારીરિક ક્રિયાશીલતા, અને માનસિક – સામાજિક પર્યાવરણ બાળકની લાગણીને સ્ટીમ્યુલેસન પૂરું પાડે છે, આનાથી બાળકનો માનસિક વિકાસ થાય છે ,જે જીવન પર્યંત ઉપયોગી છે.

એન.સી.ઇ.આર.ટી નું રિસર્ચ કહે છે કે બાળકનું શાળામાં સ્થયીકરણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ વચ્ચે ખૂબ મોટું જોડાણ છે. એક રૂપિયાનું બાલમંદિરમાં રોકાણ એ દેશને

ભવિષ્યમાં ૧૦ રૂપિયાનું વળતર આપશે. જે બાળકને સારું, નૈતિક, વિચારશીલ, સર્જનાત્મક, સંવેદનશીલ, ઉત્પાદક મનુષ્ય બનાવશે .

➢ **ગુણવત્તાયુક્ત પૂર્વ પ્રાથમિક શિક્ષણ કેમ જરૂરી ?**

ગુણવત્તાયુક્ત પૂર્વ પ્રાથમિક શિક્ષણ બાળક સાથે વાત કરવાથી, રમવાથી, ફરવાથી, સંગીત સાંભળવાથી, અવાજ સાંભળવાથી અને એની દ્રષ્ટિ અને સ્પર્શ ઇન્દ્રિયોથી મેળવી શકાશે .નાના બાળકોને આંગણવાડીમાં આરોગ્ય, પોષણ અને પોતાની જાતની મદદનું શિક્ષણ (જાતે તૈયાર થતાં શીખે), મોટર સ્કીલ, સ્વચ્છતા તાણને હેન્ડલ કરતા શીખવું, બીજા સાથે આરામદાયક વ્યવહાર, નૈતિક શિક્ષણ (સારું અને ખરાબનો તફાવત), હળવી કસરત, માતા–પિતા અને અન્ય સાથે અભિવ્યક્તિ જેવું શીખવાડી શકાય. રમત દ્વારા શિક્ષણમાં સહકાર યુક્ત ટીમ વર્ક, સામાજિક પ્રત્યાયન, સમાનતા, સંસ્કૃતિને પ્રોત્સાહન, જીજ્ઞાશા વગેરે અભ્યાસક્રમમાં વણી શકાય.

મૂળાક્ષરો,સંખ્યા ગણતરી, કલર, આકાર, ચિત્ર, મેદાન બહાર અને અંદરની રમતો, તાર્કિક વિચાર, નાટક કટપુતળી, સંગીત વગેરેનું સામાન્ય શિક્ષણ આપી શકાય

➢ **ભારતમા પૂર્વ પ્રાથમિક શિક્ષણ કઇ રીતે આપી શકાય?**

લ્વચિક, બહુસ્તરીય, રમત દ્વારા શિક્ષણ, શોધ આધારિત શિક્ષણ આપી શકાય. ધોરણ એક– બે નું શિક્ષણ પૂર્વ પ્રાથમિક શિક્ષણ પર આધારિત છે, તેથી આ "પાયાનો તબક્કો" છે; માટે જ આગળના અભ્યાસના અનુબંધમા તેનો અભ્યાસક્રમ અને તેને શીખવાની પદ્ધતિનુ નિશ્ચિત માળખું જરૂરી છે. ICDSમાં માતા અને બાળકની આરોગ્ય સંભાળ સાથે પોષણ,આરોગ્ય જાગૃતિ, રસીકરણ જેવા કાર્યક્રમો જોડાયેલ છે. માટે પૂર્વ્ પ્રાથમિક શિક્ષણમાં પૂરતું ધ્યાન આપી શકાતું નથી ; આ માટે શિક્ષક વિદ્યાર્થી્ પ્રમાણ ઘટાડવું જોઇએ.

તાજેતરનો ઇ. સી.સી. ઇમ્પેક્ટ સ્ટડી 2017 જે આંબેડકર યુનિવર્સિટી દિલ્હી દ્વારા કરેલ; જે બતાવે છે કે પૂર્વ પ્રાથમિક મેળવેલ બાળકને પ્રાથમિક શિક્ષણમાં દાખલ થતા શાળા તત્પરતાની જરૂર રહેતી નથી. વધારામા જણાયું કે અભ્યાસક્રમ યોગ્ય્ નથી, તાલીમી શિક્ષકની કમી છે, શિક્ષણશાસ્ત્ર નો અભાવ છે.

ભારતમાં પ્રાચીન પરંપરા પ્રમાણે ઈ.સી.સી.ઈ માં સદીઓથી બાળકોને કલામાં પ્રવૃત રખાય છે. વાર્તા, કવિતા, ગીતોથી બાળક ઘણું શીખતું આવ્યું છે. અભ્યાસક્રમ સંરચનામાં પ્રાદેશિક જોડાણ, આનંદ, ઉત્તેજના, સંસ્કૃતિને સાંકળી લેવી જરૂરી છે. આર.ટી.ઈ એક્ટના 86 મા સુધારા 2002 માં ઈ.સી.સી.ઈ. રાજ્ય દ્વારા પુરૂં પાડવું એવી પ્રતિબદ્ધતા છે. સેકશન–૨ પ્રમાણે પણ છ વર્ષની વય સુધી બાળકના શિક્ષણ માટે સરકારની જવાબદારી સૂચવી છે. ઈ.સી.ઈ. માટે અભ્યાસક્રમ અને પદ્ધતિ શાસ્ત્ર નું માળખું : એન.સી.ઇ.આર.ટી ના મેન્ડેટને ઈ.સી.ઈ. માટે અભ્યાસક્રમ અને પદ્ધતિશાસ્ત્રના માળખુ બનાવવા માટે વિસ્તારવામા આવશે. ઉપરના માર્ગદર્શન મુજબ માળખું બે પ્રકારમાં રહેશે.

***A પહેલો ભાગ*** : જીરો થી ત્રણ વર્ષની વયના બાળકો માટે માર્ગદર્શન છે. જેનો ઈરાદો માતા–પિતા, આંગણવાડી શિક્ષકો, વર્કર્સ માટે યથાયોગ્ય પ્રોત્સાહન પૂરું પાડે છે આ માર્ગદર્શિકા કહે છે કે ઓછી કિંમતે સાદા રમકડા બનાવવા જેવા કે ટોપી છાપામાંથી હોડી બનાવી શકાય.

**B** ***બીજો ભાગ :*** ૩ થી ૮ વર્ષના બાળકો માટે શિક્ષણનું માળખું છે. કેમકે : ધોરણ 1–2 માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણ એ પાયાનો તબક્કો છે. જેને પ્રવૃત્તિ આધારિત, રમત આધારિત, શોધ આધારિત પદ્ધતિથી શીખવી શકાય ; જેમાં મૂળાક્ષરો, સંખ્યા, સામાન્ય વાતચીત, અવાજ, રમતો, ચિત્રો, સંગીત, સ્થાનિક કલા સાથે સાથે સામાજિક–માનસિક કૌશલ્ય જેવા કે જીજ્ઞાશા, ધીરજ ,ટીમ વર્ક, સહકાર, પ્રત્યાયન, પરાનુભૂતિ વગેરે ઉમેરી શકાય . વધારામાં કસરત, ઉખાણા, ટપકા જોડો, વાર્તા, ગીત, રમત વગેરે ઉમેરી શકાય. બાળકો ભાષા ઝડપથી શીખે છે. આથી બહુભાષિય કૌશલ્ય શીખવું યોગ્ય છે. NCF અને રાજ્ય અને પ્રાદેશિક વિવિધતા પણ આ માળખામાં ભેળવી અને ભારતનો સમૃદ્ધ વારસો અને પરંપરા જેમાં જ્ઞાન, રિવાજો અને નવાચાર સમાવી લેવાય.

**દેશમાં એન.સી.ઈ.આર.ટી નો  માટે એક સમાન અભ્યાસક્રમ કેમ ? :–**

દરેક રાજ્યનો પ્રાદેશિક અભ્યાસક્રમ હોઈ શકે;, પણ જ્યારે ભારતને વિશ્વગુરુ બનાવવાની દિશામા આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે આ નાના–નાના પગ પણ એ દિશામાં દોડવા– સાતત્યપુર્ણ દોડવા મજબૂત બનાવવા જોઈએ.

**પૂર્વ પ્રાથમિક શિક્ષણને ભારત કેન્દ્રી કેવી રીતે બનાવી શકાય ?**

ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિથી નાના બાળકો પરિચિત થાય એ માટે 'રામાયણ' 'મહાભારતની' કાર્ટુન સિરીઝ અભ્યાસક્રમમાં વણી શકાય. 'શ્રીકૃષ્ણ'ની નટખટ વાતો, 'બાળ હનુમાન', 'બાળ ગણેશ' ની વાતો પીરસી શકાય. વિદેશી 'સ્પાયડરમેન', કરતા હનુમાનના ગુણ શીખવી શકાય. પશ્ચિમી સંસ્કૃતિની પરિચય કરવા કરતા ભારતીય સંસ્કૃતિ તરફ પહેલેથી જ અભિમુખ કરી શકાય.


**" શિક્ષણ દર્શન " માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-**

**શ્રી અરવિંદભાઇ એલ મહેતા**

**૫, પ્રીતિ ડુપ્લેક્ષ,  આનંદવન કોમ્પલેક્ષ પાસે,**
**સુભાનપુરા, વડોદરા- ૩૯૦૦૨૩**

**૧ વર્ષનું લવાજમ –૧૨૦ રૂ.**

**૩ વર્ષનું લવાજમ –૩૩૦ રૂ.**

**૫ વર્ષનું લવાજમ –૫૫૦ રૂ.**